આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને શ્રેષ્ઠ કામગીરી માટે "માતા યશોદા એવોર્ડ" આપવા બાબત

**ગુજરાત સરકાર**

મહિલા અને બાળ વિકાસની વિભાગ

ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૦૭/સી.એમ.૧/બ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૬/૦૩/૨૦૧૯

સંદર્ભઃ-

૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૦૭/સીએમ-૧-બ તા.૧૧/૨/૨૦૧૩

૨) પસંદગી સમિતિની તા.૬/૩/૨૦૧૯ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૬/૩/૨૦૧૯ ના પત્ર ક્રમાંક: વહટ-૧૦/આઇસીડીએસ/મા.ય.એ./૨૦૧૭-૧૮/૨૦૧૯

ઠરાવઃ-

સંદર્ભ (૧) થી રાજ્ય સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના આંગણવાડી કેન્દ્રમાં માનદસેવા બજાવતા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને શ્રેષ્ઠ કામગીરી માટે દર વર્ષે "માતા યશોદા એવોર્ડ" આપવાની યોજના અમલમાં છે. સંદર્ભ (૨) થી "માતા યશોદા એવોર્ડ" માટે વર્ષ ૨૦૧૭-૧૮ ની રાજ્યકક્ષાની પસંદગી સમિતિની બેઠકમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર ના નામોની પસંદગી કરવામાં આવેલ હતી. સંદર્ભ (૩) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

શ્રેષ્ઠ આંગણવાડીના કાર્યકર અને તેડાગરની પસંદગી માટેના માપદંડો મુજબ રાજ્યકક્ષાની પસંદગી સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટેનો "માતા યશોદા એવોર્ડ" નીચે દર્શાવેલ આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરને આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લાનુ નામ | ઘટકનુ નામ | કેન્દ્રનું નામ | આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ (કોર્પો) | **અર્બન-૭** | શિલજ-૧ | પરમાર જયાબેન વજેસીંગ (કાર્યકર) | ૨૦૧૭-૧૮ |
| ૨ | અમદાવાદ (કોર્પો) | **અર્બન-૭** | શિલજ-૧ | ઠાકોર કમુબેન ખોડાજી (તેડાગર) | ૨૦૧૭-૧૮ |

ઉક્ત કર્મચારીઓને એવોર્ડ વિતરણના સ્થળે આવવા માટે ટી.એ./ડી.એ. મળવાપાત્ર થશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ગોપાલસિંહ યાદવ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ,

પ્રતિ

૧. અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, (મ.બા.ક.),નવા સચિવાલય, ગાંધીનગર.
૨. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૩. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦, જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
૫. કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, તમામ ..........................
૬. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.
૭. તમામ જિલ્લાના પ્રોગ્રામ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.
૮. નાણાં સલાહકારશ્રી(મ.બા.ક.), સચિવાલય, ગાંધીનગર.
૯. સિસ્ટસ્મ મેનેજર, ઓનલાઇન મુકવા સારું.
૧૦. શાખા સિલેક્ટ ફાઇલ